### વિધાનસભા ચૂંટણી જંગ

# ઉત્તર ગુજરાતમાં ૫ વર્ષમાં ૮.૬૪ લાખ મતદાર, ૧૭૩ બુથ વધ્યાં

### ૨૭ બેઠકો માટે તા.૫ ડિસેમ્બરે યોજાશે મતદાન

બાયડ, તા.૨૭

ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાની ૨૭ બેઠક માટે તા.૫ ડિસેમ્બરે મતદાન યોજાવવાનું છે ત્યારે પાછલા ૫ વર્ષ દરમ્યાન ઉત્તર ગુજરાતમાં ૮,૬૪,૮૬૪ નવેમ્બર-ડિસેમ્બર મહિનો ચૂંટણીનો મહિનો બની ગયો છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ભાજપ, કોંગ્રેસ, આમઆદમી પાર્ટી સહિત ભાજપ અને કોંગ્રેસના નેતાઓ અને ઉમેદવારોની ઉંઘ હરામ થઈ ગઈ છે. જ્યારે પાછલા ૫ વર્ષમાં ૮.૬૪ લાખ મતદારોનો વધારો પરિણામોમાં મોટી ઉથ્થલ પાથલ સર્જવા માટે પૂરતા હોવાનું દેખાઈ

પાછલા ૫ વર્ષમાં મતદારોમાં વધારો

| જિલ્લો | વર્ષ-૨૦૧૭મતદારો | વર્ષ-૨૦૨૨ મતદારો | વર્ષ-૨૦૧૭મતદાન મથક | વર્ષ-૨૦૨૨ મતદાન મથક |
|---|---|---|---|---|
| સાબરકાંઠા | ૯,૮૦૭૯૨ | ૧૧,૦૮,૭૨૨ | ૧૨૯૭ | ૧૩૨૨ |
| અરવલ્લી | ૭,૪૪,૧૧૦ | ૮,૨૯,૬૧૫ | ૧૦૪૨ | ૧૯૬૨ |
| બનાસકાંઠા | ૨૧,૩૬,૧૩૯ | ૨૪,૮૯,૬૯૪ | ૨૫૬૨ | ૧૬૧૨ |
| પાટણ | ૧૦,૨૬,૪૬૩ | ૧૧,૭૨,૬૫૩ | ૧૧૯૭ | ૧૨૩૧ |
| મહેસાણા | ૧૫,૭૮,૯૯૧ | ૧૧,૩૦,૩૪૫ | ૧૧૨૨ | ૧૮૬૬ |

મતદારો વધ્યા છે. જ્યારે ૧૭૩ બુથ વધ્યાની જાણકારી મળી છે. મતદારો વધ્યા છે તેમાં નવા યુવા મતદારો કયા રાજકીય પક્ષને વરમાળા પહેરાવશે તેનું આંકલન શરુ થયું છે પરંતુ પાછલા ૫ વર્ષ દરમ્યાન શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક પ્રકારનો બદલાવ આવ્યો છે. યુવા મતદારોના હાથમાં રાજ્યનું ભવિષ્ય હોવાનું માનવામાં આવે છે.

અન્ય રાજકીય પક્ષો અને અપક્ષોએ પોતાનું કિસ્મત અજમાવી રહ્યા છે. ગત સોમવારે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયા પછી રાજકીય પક્ષોના રાષ્ટ્રીય નેતાઓ, રાજ્યના નેતાઓએ નિરસ બની ગયેલા મતદારોને ઢંઢોળવાના પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ વર્ષ-૨૦૧૭માં જે રાજકીય માહોલ હતો તેનાથી વિપરીત આ વખતે નિરસ રાજકીય માહોલ જોવા મળી રહ્યો છે. મતદારો નિષ્ક્રિય જણાતાં રહ્યું છે. પાછલા ૫ વર્ષમાં મતદારો વધવાની સાથે ચૂંટણીપંચ દ્વારા નવાં ૧૭૩ મતદાન મથકોનો વધારો કર્યો છે. ગત વર્ષ-૨૦૧૭ વિધાનસભામાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૬૪,૬૬,૧૬૫ મતદારો નોંધાયા હતા અને ૭૯૨૦ મતદાન મથકો હતા. વર્ષ-૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ૭૩,૩૧,૦૨૯ મતદારો નોંધાયા છે અને ૮૦૯૩ મતદાન મથકો છે.

# બાયડ વિધાનસભા ક્ષેત્રના હોમગાર્ડ અને જી.આર.ડી.ને મતદાન કરવા માટે લઈ જતું વાહન રસ્તામાં થોભાવતાં કોંગ્રેસના કાર્યકરો દોડ્યા

### ચોક્કસ ઉમેદવાર તરફી મતદાન કરાવવા માટે પ્રલોભન અપાયાના આરોપ

બાયડ, તા.૨૭

ચૂંટણીની કામગીરીમાં મૂકવામાં આવેલા પોલીસ, હોમગાર્ડ અને જી.આર.ડી. માટે શનિવારે અરવલ્લીના વડા મથક મોડાસામાં બેલેટથી મતદાન યોજવામાં આવ્યું હતું જેમાં બાયડ વિધાનસભા મતક્ષેત્રના સુરક્ષા કર્મીઓને લઈને જતું વાહન રસ્તામાં થોભાવી ચોક્કસ ઉમેદવાર તરફી મતદાન કરવા માટેની પેરવી હોવાની શંકા જતાં કોંગ્રેસના કાર્યકરો દોડ્યા હતા. જો કે આ બાબતે રાજકીય રંગ પકડાયો છે પરંતુ હજુ સ્પષ્ટ વિગતો સામે આવી નથી. જો કે કોંગ્રેસના વર્તમાન ઉમેદવારે ભૂતકાળમાં કર્મચારીઓના મતદાન સમયે શું કર્યું હતું ? તેવા સવાલ પણ શરુ થયા છે. મળેલી જાણકારી અનુસાર ચૂંટણીની કામગીરીમાં જોડાયેલા કર્મચારીઓ પોતાનો કિંમતી મત પસંદગીના ઉમેદવારને આપી શકે તે માટે ચૂંટણીપંચના નિર્દોષ



અનુસાર તા.૨૭ નવેમ્બરના રોજ મોડાસા, ભિલોડા અને બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં આવતા પોલીસ, હોમગાર્ડ અને જી.આર.ડી. માટે મતદાન મોડાસાની સરકારી ઈજનેરી કોલેજમાં રાખવામાં આવ્યું હતું ત્યારે બાયડ તરફથી સુરક્ષા કર્મીઓને લઈ જતું વાહન ધનસુરા નજીકના એક સ્થળે રોડ સાઈડે ઉભું રહ્યું હતું તે સમયે કોંગ્રેસના કેટલાક કાર્યકરોની નજર પડતાં વિડીયો ઉતારવાનું શરુ થયો અને ત્યાર પછી દોડધામ મચી ગઈ હતી. સુરક્ષા કર્મચારીઓને લઈને જતા મહિલા કર્મચારી વિડીયોમાં એમ બોલતા સંભળાઈ રહ્યા છે કે નાસ્તો કરવા માટે વાહન થોભાવ્યુંછે. ત્યારે સવાલ એ થાય છે કે ૩૨ કી.મી.ના અંતરમાં ભૂખ લાગવાનું કારણ શું ?? કોંગ્રેસે ચોક્કસ ઉમેદવારના સમર્થનમાં મતદાન માટેની સાજીશ રચાયાના આરોપ જોરશોરથી લગાવવાની શરુઆત કરી છે પરંતુ હજુ સુધી કોઈ લેખિત ફરિયાદ આપી નથી.

# પુંસરી ગામના ૫૦ વર્ષના લગ્નજીવન ધરાવતા દંપત્તિનો સત્કાર સમારંભ યોજાશે

તલોદ તા. ૨૭

પુંસરી ગામના નટુભાઈ ચૌધરી પરિવાર એ આ વર્ષે નવતર પ્રયોગ હાથ ધર્યો છે પુંસરી અને આસપાસના ભરડીયા અજમેરપુરા અને અમરાપુર ગામના જે સૌથી વધુ ઉંમરલાયક છે અને પતિ પત્ની હયાત છે અને લગ્ન જીવનના ૫૦ વર્ષ થયા છે તેમના જીવનમાં પાછલી જિંદગીમાં ઉત્સાહિત કરવા માટે સન્માન સમારોહ અને ભોજન સમારંભ નું આયોજન કર્યું છે આ માટે ૫૦ વર્ષનું લગ્નજીવન ધરાવતા પરિવારનો સર્વે પણ હાથ ધર્યો છે આ અંગેની વિગતો આપતા પુંસરી ના નટુભાઈ ચૌધરી પરિવારના નરેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે પુસરી અને આસપાસના વિસ્તારના લોકો એ તેમના પિતાને અનન્ય માન સન્માન આપ્યું છે સાથે સાથે તેમના કામની કદર કરીને પુસરી ગામે તેમની પ્રતિમા પણ મૂકવામાં આવેલ છે સાથે પુંસરી ગામે સિનિયર સિટીઝન ક્લબની સ્થાપના પણ તેમણે કરી હતી આગામી ૩૧ જાન્યુઆરી ૨૦૨૩ એટલે કે બે મહિનામાં નટુભાઈ ચૌધરી ને દેહાવસાન થઈ ૧૧ વર્ષ થાય છે ત્યારે તેમની પુણ્યતિથિ અનોખી રીતે ઉજવવાનું નક્કી કર્યું છે આ પુણ્યતિથિએ પુંસરી અને આસપાસના વડીલો કે જેમના લગ્નજીવનને ૫૦ વર્ષ પૂર્ણ થયા છે તેવા દંપતીને સત્કાર સન્માન કરવામાં આવશે આવા પરિવારને નવા કપડાં સાથે તેમને વરઘોડા સ્વરૂપે તેમના ઘરેથી સ્ટેજ સુધી લાવવામાં આવશે જ્યાં તેમનું સન્માન કરાશે અને તેમના લગ્ન જીવનને ગોલ્ડન વર્ષ ગાંઠની ઉજવણી ધામધૂમ પૂર્વક કરાશે બેન્ડવાજા અને લગ્ન ગીતોની સુરાવલી વચ્ચે અરસપરસ ફુલહાર વિધિ અને શાસ્ત્રોકત મંત્રોચ્ચાર પણ કરાશે અને ગામના સિનિયર સિટીજનો જાનૈયા તરીકે હાજર રાખવામાં આવશે અને ભોજન સમારંભ પણ યોજવામાં આવશે ગોલ્ડન લગ્ન વર્ષ ગાંઠ નિમિત્તે હશે તેમના પરિવારના સભ્યોને પણ હાજર રાખવામાં આવશે અને આનંદ ઉલ્લાસમાં સહભાગી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે આ અંગે વધુ વિગતો આપતા નરેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે સમાજમાં વડીલો નો માન મોભો વધશે જીવનની ઢળતી ઉંમરે પહોંચેલા પરિવાર ની નીરસ જિંદગી ઉત્સાહી બનશે હતાશા અને ડિપ્રેશનમાં જીવતા વૃદ્ધોને માટે એક આનંદ સાથે નવી ઊર્જા મળશે અત્રે ઉલ્લેખનીય છે કે નટુભાઈ ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ પુંસરી સર્વજ્ઞાતિ સર્વ ધર્મ સમુહ લગ્નમાં ૧૫૧ દીકરીઓ પરણાવેલ છે જ્યારે પુંસરી ગામે અસ્થિ બેંક થકી ત્રણ હજાર જેટલા અસ્થિ હરિદ્વાર ખાતે વિસર્જિત કર્યા છે જ્યારે ૧૦ દીકરીઓ દત્તક લઈને વિદ્યા અભ્યાસ કરાવે છે આ ઉપરાંત કપડાં રેશમ કીટ જેવી અનેક પ્રવૃત્તિઓમાં હાલ કરે છે કાર્યરત છે મેડિકલ કેમ્પો નું આયોજન કરવામાં આવે છે.

# ધનસુરા નગરમાં મુખ્ય પ્રવેશદ્વાર બનાવવાની માંગ

ધનસુરા તા. ૨૮

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા નું મુખ્ય મથક એવા ધનસુરા ચાર રસ્તાથી ગામમાં પ્રવેશ કરવાનો મુખ્ય માર્ગ આગળ પ્રવેશદ્વાર બનાવવામાં આવે તેવી પ્રજાની પ્રબળ માંગ છે જાણવા મળ્યા પ્રમાણે ગ્રામ પંચાયત દ્વારા ગામના તળાવ પાસે મોડાસા જવાના માર્ગ ઉપર દાતા દ્વારા પ્રવેશદ્વાર બનાવવાનું કામ ચાલુ છે ત્યારે ધનસુરા ચાર રસ્તા મુખ્ય પ્રવેશ દ્વાર બનાવવામાં આવે તો ગામની શોભા વધી શકે છે ચાર રસ્તાથી કેટલાક અજાણ્યા વાહન ચાલકો સીધા ગામમાંથી જાય છે. આ અંગે મુખ્ય પ્રવેશ દ્વાર બનાવવા માટે ગ્રામ પંચાયતના સરપંચ સમક્ષ ધનસુરા પેન્શન મંડળના પ્રમુખ હસમુખભાઈ પટેલ સદસ્ય દિનેશભાઈ પટેલે રૂબરૂ મુલાકાત કરી રજૂઆત કરેલ છે.

ચૂંટણી ફરજ પરના ગૃહ વિભાગના પોલીસ, SRP, હોમગાર્ડસ, જી.આર.ડી ટ્રાફિક ટી.આર.પીના જવાનોએ

# હિંમતનગર ડી.એસ.પી કચેરી ખાતે પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું





હિંમતનગર,તા. ૨૭

સાબરકાંઠા જિલ્લામાં બીજા તબક્કામાં તારીખ ૫મી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ યોજાનારી વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ સંદર્ભે મતદાનના દિવસે સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભા હિંમતનગર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, ઈડર વિધાનસભા મતવિસ્તારની ચૂંટણીમાં ફરજ પર રહેનારા ગૃહ વિભાગના પોલીસ SRP, હોમગાર્ડસ અને જી.આર.ડી અને ટ્રાફિક ટી.આર.પી.ના જવાનો સહિત અધિકારી કર્મચારીઓ પણ ચૂંટણી પંચની સુચના મુજબ પોસ્ટર બેલેટથી મતદાન દ્વારા તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લા કલેકટરશ્રી અને ચૂંટણી અધિકારી શ્રી હિતેષ કોયાના માર્ગદર્શન અને એસપીશ્રી વિશાલ વાઘેલાની રાહબરી હેઠળ આજે તારીખ ૨૬/૧૧/૨૦૨૨ ના રોજ સવારે ૮.૦૦થી સાંજના ૬.૦૦ કલાક સુધી ડી.એસ.પી કચેરી ખાતે ઉભા કરાયેલા મતદાન સુવિધા કેન્દ્ર ખાતે પોસ્ટલ બેલેટ પેપરથી મતદાન વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેમાં જિલ્લાના હેડકવાટર્સ ખાતે આવી વિવિધ કેડર્ના પોલીસ, હોમગાર્ડઝના જવાનોએ મતદાન કર્યું હતું અને પોલીસ કર્મીઓએ ઉત્સાહભેર લાંબી લાઈનમાં ઊભા રહીને મતદાન અંગે અનેરો ઉત્સાહ દાખવ્યો હતો. બપોરે ૩ વાગ્યા સુધીમાં જિલ્લામાં ૨૭-હિંમતનગર વિધાનસભામાં ૭૯૩ પોસ્ટલ બેલેટથી મતદાતાઓ નોંધાયા હતા. જેમાં ૪૫૦ મતદારોએ બેલેટ પેપરથી મતદાન કર્યું હતું. ૩૩-પ્રાંતિજ વિધાનસભામાં ૬૪૫ મતદારો નોંધાયા હતા જે પૈકી ૪૦૫ મતદાતાઓએ બેલેટ પેપરથી મતદાન કર્યું હતુ. ૨૮- ઈડર વિધાનસભામાં ૭૩૩ મતદાતાઓ નોંધાયા હતા જેમાં ૨૫૫ મતદાતાઓએ મતદાન કર્યુ હતું. ૨૯-ખેડબ્રહ્મા વિધાનસભા બેઠક માટે ૧૦૨૩ મતદારો નોંધાયા છે જે પૈકી ૩૭૫ મતદાતાઓએ બેલેટ પેપરથી મતદાન કર્યુ હતુ.

### ચૂંટણી પૂર્વે બનાસકાંઠા એલસીબીની સપાટો

# અમીરગઢ નજીકથી ચોખાના કટ્ટાની આડમા લઈ જવાતો વિદેશી દારૂ ઝડપાયો

પાલનપુર તા.૨૭

બનાસકાંઠા જિલ્લા એલસીબી પોલીસની ટીમે બાતમીના આધારે અમીરગઢ નજીક થી ચોખાના કટ્ટાની આડમાં ટ્રકમાં રાજસ્થાન તરફથી ગુજરાતમાં લવાતો રૂ.૧૨.૮૭ લાખના વિદેશી દારૂ સહિત રૂ.૨૩,૮૭ લાખ ના મુદ્દામાલ સાથે એક શખ્સની અટકાયત કરાઈ હતી. બનાસકાંઠા જિલ્લામા દારૂ અને જુગારની પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા જિલ્લા પોલીસ વડાની સુચનાની કડક અમલવારી કરવા સુચના કરતા એલસીબી પીઆઈ એસ.ડી.ધોબી,પીએસઆઈ એ.બી.ભટ્ટના માર્ગદર્શન હેઠળ તેમની ટીમ અમીરગઢ નજીક પેટ્રોલીંગમાં હતી દરમ્યાન તમને બાતમી હકીકત મળેલ કે, એક અશોક લેલન ટ્રકમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો રાજસ્થાન તરફથી ગુજરાત બોર્ડરમાં પ્રવેશ કરી અમીરગઢ થી પાલનપુર તરફ જઈ રહેલ છે . જેના આધારે અમીરગઢના ચેખલા ગામના પાટીયા પાસે નાકાબંધી કરી બાતની વાળી ટ્રકને ઉભી રખાવી તેની તલાશી લેતા ટ્રકમાં ચોખાના કટ્ટાની આડમાં રૂ.૧૨.૮૭ લાખની કિંમતનો ૨૮૬ પેટીમાં ૩૪૩૨ બોટલ વિદેશી દારૂ મળી આવતા ટ્રક ચાલક ધર્મેન્દ્રકુમાર મોટારામ લેઘા (જાટ) રહે. કરડાલી નાડી જી.બાડમેર (રાજસ્થાન) વાળાની અટલ કરી આરોપી પાસે થી રોકડ રકમ રૂ.૪૧૮૦,૧ મોબાઈલ ટ્રક ચોખાના કટ્ટા મળી કુલ.રૂ.૨૩,૮૭,૪૮૦ નો મુદ્દામાલ કબજે કરી ટ્રક ચાલક વિરુદ્ધ તેમજ આ વિદેશી દારૂનો જથ્થો મોકલનાર નરેન્દ્ર દેવાસી રહે. જાલોર કાળાની વિરૂધ્ધમાં અમીરગઢ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# પાલનપુરના કુશકલ ગામે બોથડ પદાર્થના ઘા મારી યુવકની હત્યા કરાઈ

પાલનપુર તા.૨૭

પાલનપુર તાલુકા કુશકલ ગામે તળાવ નજીકના વહેણમા એક યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી અને અન્ય એક બેભાન અવસ્થામાં ગંભીર હાલતમાં મળી આવતા લોકો ટોળે વળ્યાં હતા. અને બનાવ અંગે ગઢ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ટીમ દોડી આવી હતી. અને લાશને પીએમ અર્થે તેમજ ઉજાગસ્તને સારવાર અર્થે મોકલી આપી બનાવ અંગે અજાણ્યા ઈસમ સામે હત્યાનો ગુનો દાખલ કરી બનાવની તપાસ હાથ ધરી છે.પાલનપુર તાલુકાના ઓઈલ મિલમાં લેબર તરીકે અને દિવસે છૂટક મજુરી કરતા નરસિંહભાઈ નાગરભાઈ જેહાતર (ઠાકોર) મૂળ રહે.ચડોતર હાલ રહે.કુશકલ



### મૃતક યુવક તેના મામાના ઘરે રહેતો હતો

ચડોતર ગામના ગામના હમીરભાઈ અને નરસિંહભાઈ ઠાકોરના માતા પીતા નાનપણ માં મરણ પામેલ હોઈ આ બન્ને ભાઈ અપરણીત હોય પોતાના મામા ગામ કુશકલ રહીને છૂટક મંજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા.જેમાં કોઈ અજાણ્યા ઈસમે નરસિંહભાઈ ની રાત્રી સમયે હત્યા કરતા અને અન્ય એક યુવક પર ગંભીર હુમલો કરવાના બનાવને લઈ સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ચડોતર ગામનો વતની અને પોતાના મામાના ગામ કુશકલ ખાતે રહીને છૂટક મજુરી કરતા એક ૪૦ વર્ષીય અપરણિત યુવકની રહસ્યમય હાલતમાં હત્યા થઈ છે રાત્રે બાદરપુરા વાળા ની ગુરુવારે સવારે કુશકલ ગામના તળાવના વહેણ માં હત્યા કરેલી હાલતમાં લાશ મળી આવી હતી. મૃતકને કોઈ અજાણ્યા ઈસમે રાત્રીના સમયે માથા તેમજ ગુપ્ત ભાગે બોથડ પદાર્થના ઘા મારી તેમજ આરસીસી ના લેપ પર ઘડેસી તેની હત્યા કરવામાં આવી હતી. જોકે મૃતકની લાશ પાસે ખાઈમાં મૂળ કાંકરેજ તાલુકાના થરા ગામના અને હાલ કુશકલ રહેતા ચંપકભાઈ હરિલાલ ઠક્કરને જાનથી મારી નાખવાના ઈરાદે હુમલો કરવામાં આવ્યો હોય તેઓ પણ બેભાન હાલતમાં ગંભીર અવસ્થામા પડેલ જોવા મળતા લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા. ઘટના ની જાણ થતા ગઢ પોલીસની ટીમ દોડી આવી હતી અને મૃતકની લાશને પીએમ અર્થે તેમજ ઈજાગસ્તને સારવાર માટે ખસેડી બનાવ અંગે અજાણ્યા ઈસમ સામે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### ભાજપનો પ્રચાર હવે ડીજેના તાલે

# મોડાસામાં વિકાસનો ગરબો ગાતા સંગીત પાર્ટીનો રથ લોકોને આકર્ષવામાં નિષ્ફળ: ૫ મિનિટમાં રવાના...!!!

મોડાસા, તા. ૨૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ પક્ષ દ્વારા મતદારોને




આકર્ષવા ડિજિટલ પ્રચાર,રોબોટથી પ્રચાર,જાદુગરો પછી ભાજપે વિકાસનો ગરબો શરૂ કર્યો છે શહેરી વિસ્તારોમાં યુવા મતદારોને આકર્ષવા પ્રોફેશનલ ડાન્સ ગ્રુપોને મેદાનમાં ઉતાર્યા છે તેમજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વિકાસનો ગરબો ગાતા લાઈવ ડીજેનો સથવારો લીધો છે અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા પર ભાજપના પ્રચાર-પ્રસાર માટે પહોંચેલા લાઈવ ડીજે લોકોને આકર્ષવામાં નિષ્ફળ રહેતા ૫ મિનિટ્સમાં રવાના થઈ ગયું હતું. મોડાસા શહેરના ચાર રસ્તા પર શુક્રવારે રાત્રે ૮ વાગ્યાના સુમારે મતદારોને આકર્ષવા માટે બનાવેલ લાઈવ ડીજે રથ ચાર રસ્તા પર ટાઉન હોલ આગળ પહોંચી જોરશોરથી સંગીત વાગતા લોકો કુતુહલ વશ જોવા પહોંચતા ડીજે પર રહેલા યુવા કલાકારોએ વિકાસનો ગરબો શરૂ કરતાની સાથે જ ઉભેલા લોકોએ ચાલતી પકડાતા અને આજુબાજુથી પસાર થતા રાહદારીઓ કે વાહનચાલકોએ પણ રાજકીય ગરબા સામે નિરશતા દાખવતા લાઈવ ડીજે પર વિકાસનો ગરબો ગાતા કલાકારો પણ અચંબિત બન્યા હતા અને તરતજ ગણતરીની મિનિટ્સમાં ચાલતી પકડી હતી હાલ જીલ્લાના મતદારોમાં ચૂંટણીનો ઉત્સાહ જોવા ન મળતા ભાજપ, કોંગ્રેસ અને આપ સહીત અન્ય રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારોમાં મતદારોનું અકળ મૌન પરસેવો પાડી રહ્યું છે

# મોડાસા રૂરલ પોલીસે પેલેટ ચોકડી નજીકથી રાજસ્થાનના ૩ વર્ષથી નાસતા-ફરતા બુટલેગરને કોર્ડન કરી ઝડપ્યો

મોડાસા, તા. ૨૭

વિધાનસભાની ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી પૂર્ણ થાય તે માટે અરવલ્લી જીલ્લા જીઁ સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસે વોન્ટેડ આરોપીઓને



ઝડપી પાડવા કમર કસી છે મોડાસા રૂરલ પોલીસે છેલ્લા કેટલાક સમયથી નાસતા-ફરતા રાજસ્થાની બુટલેગરને પેલેટ હોટલ પાસેથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. મોડાસા રૂરલ પીએસઆઈ ચેતનસિંહ રાઠોડ અને તેમની ટીમે રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશનના ગુન્હાનો રાજસ્થાનના ભુવાલી ગામનો શાંતિલાલ કમજી ડામોર નામનો આરોપી મોડાસા શહેરની મેઘરજ બાયપાસ ચોકડી નજીક પેલેટ હોટલ પાસે આવવાનો હોવાની બાતમીના આધારે પોલીસે પેલેટ હોટલ નજીક વોચ ગોઠવી શાંતિલાલ ડામોર આવતા પોલીસે કોર્ડન કરી દબોચી લેતા ત્રણ વર્ષથી પોલીસને ખો આપતા બુટલેગરના મોતિયા મરી ગયા હતા મોડાસા રૂરલ પોલીસે આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદિરમાં બંધારણ દિવસની ઉજવણી યોજાઈ




ભિલોડા,તા.૨૭

ભિલોડા શ્રી અર્બુદા સેવા સંઘ સંચાલિત માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદિરમાં એન.એસ.એસના સ્વયંસેવકો ધ્વારા હાઈસ્કૂલ પરીસરમાં બંધારણ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.સ્ટાફ પરીવાર અને એન.એસ.એસ સ્વયંસેવકોએ પ્રતિજ્ઞા લીધી હતી.આચાર્ય રમણભાઈ પટેલે તમામ સ્વયંસેવકો,સ્ટાફ પરીવારના મિત્રોને મતદાન જાગૃતિ સંદર્ભે જણાવ્યું કે,દરેક નાગરિક પોતાના પવિત્ર મતનો ઉપયોગ કરે,કોઈ પણ વ્યકિત જ્યારે મતદાન કરે છે ત્યારે દેશના વિકાસમાં સહભાગી બને છે તેમ ભારપૂર્વક સમજાવવા માટેની હાકલ કરાઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એન.એસ.એસ,પ્રોગ્રામ ઓફિસર હરેશભાઈ ભાવસારે કર્યું હતું.

# શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક ઈકો સ્પોર્ટ કારમાંથી વિદેશી દારૂના ૮૫૪ પાઉચ સાથે સુરતના બુટલેગરને દબોચ્યો

મોડાસા, તા. ૨૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં દારૂની રેલમછેલ અટકાવવા અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર સતત દોડાદોડી કરી રહ્યું છે જીલ્લામાં સ્ટેટ મોનેટરીંગ સેલે ધામા નાખતા સ્થાનિક પોલીસની ઉંઘ ઉડી ગઈ છે શામળાજી પોલીસ વિવિધ વાહનોમાં ઘુસાડાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી બુટલેગરોના મનસુબા પર પાણી ફેરવી રહી છે અણસોલ ગમની સીમમાં ઈકો સ્પોર્ટ કારમાંથી ૭૧ હજારથી વધુના વિદેશી દારૂ સાથે સુરત બારડોલીના બૂટલેગર અને કારમાં રહેલા શખ્સને ઝડપી લીધા હતા.





શામળાજી પોલીસ રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરવાની સાથે બાતમીદારો સક્રિય કરતા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઝડપાઈ રહ્યો છે ઈકો સ્પોર્ટ કારમાં વિદેશી દારૂના પાઉચની ખેપ થતી હોવાની બાતમી મળતા પોલીસ સતર્ક બની બાતમી આધારીત ઈકો સ્પોર્ટ કારને અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂના પાઉચ નંગ-૮૫૪ કીં.રૂ.૭૧૭૩૬/- નો જથ્થો જપ્ત કરી કાર ચાલક સાંવરલાલ મોહનલાલ કુંભાર (હાલ રહે,મોતા-સુરત) અને હજારીલાલ રેમતાજી ગુર્જર (રહે,બડાખોડા-રાજસ્થાન) ને ઝડપી પાડી વીદેશી દારૂ, કાર સહીત રૂ.૩.૭૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કારમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાન રાજસમંદના બુટલેગર કૈલાશ ભીલ અને કાર માલિક વ્યારાના કાર માલિક માદનસિંગ વિસાસિંગ રાવત સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પ્રાંતિજ વિધાનસભા મહિલા મોરચાની બેઠક યોજાઈ



તલોદ, તા. ૨૭

પ્રાંતિજ વિધાનસભા બેઠક ના ભાજપ મહીલા મોરચા ની એક બેઠક પ્રાંતિજ ખાતે સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રભારી રેખાબેન ચૌધરી ના અધ્યક્ષ સ્થાને યોજવામા આવી હતી જેમાં સાબરકાંઠા જિલ્લા ભાજપ મહિલા મોરચા ના પ્રમુખ નીલાબેન પટેલ,મહામંત્રી કાજલબેન દોશી , લીના બેન વ્યાસ,વિધાનસભા બેઠક ના ચારેય મંડલ ના પ્રમુખ મહામંત્રી પ્રાંતિજ શહેર ભાજપ પ્રમુખ નિત્યાનંદ બ્રહ્મભટ્ટ સહિત મોટી સંખ્યામાં મહિલા કાર્યકર બહેનો ઉપસ્થિત રહી હતી. બેઠકમાં રેખાબેન ચૌધરી એ દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરકાર તથા ગુજરત ના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ની સરકારે કરેલા વિકાસ કામો ની પ્રસંશા કરી ગુજરાત માં ફરીથી ભાજપ ની સરકાર રચાશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતોઅને પ્રાંતિજ બેઠક ના ભાજપ ના ઉમેદવાર ગજેન્દ્ર સિંહ પરમાર ની તરફેણ માં ભારે મતદાન કરાવવા માટે અપીલ કરી હતી